# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-07-2024** **Midday : 1.20 to 1.30**
**Day : Tuesday** **National News**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

*******************************************************

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રશિયામાં વસતા ભારતીય સમુદાયના લોકો સાથે સંવાદ કર્યો
- ✓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે જમ્મૂ કાશ્મીરના કઠુઆમાં થયેલા આતંકી હુમલાને વખોડી કાઢ્યો, હુમલામાં પાંચ જવાનો શહીદ
- ✓ ભારે વરસાદને પગલે મુંબઈ અને આસપાસના વિસ્તારોમાં રેડ અલર્ટ
- ✓ મધ્ય, ઉત્તર પશ્ચિમ અને પૂર્વોત્તર ભારતમાં ભારે વરસાદની હવામાન વિભાગની આગાહી
- ✓ મહિલા ટી20 ક્રિકેટ શ્રેણીમાં આજે ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ત્રીજી મેચ રમાશે

*******************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM IN RUSSIA

રશિયાની મુલાકાતે પહોંચેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે વર્તમાન સરકાર દેશની અર્થવ્યવસ્થાને વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનાવવાના હેતુ સાથે કાર્યરત છે. મૉસ્કોમાં ભારતીય સમુદાયના લોકોને સંબોધિત કરતા તેમણે આ વાત કહી. શ્રી મોદીએ જણાવ્યું કે ભારતે જે પણ લક્ષ્યાંક મૂક્યા, તેને હાંસલ કર્યા છે.

શ્રી મોદી આજે 22માં ભારત-રશિયા શિખર સંમેલનની સહ અધ્યક્ષતા કરશે. આ સંમેલનમાં પ્રધાનમંત્રી મોદી અને રાષ્ટ્રપતિ પુતિન વચ્ચે રક્ષા, વેપાર, રોકાણ, ઊર્જા, સહકાર, શિક્ષણ સંસ્કૃતિ અને લોકસંપર્ક સહિતના મુદ્દાઓ પર દ્વીપક્ષીય મંત્રણા થશે. તેઓ પારસ્પરિક હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ વિશે પણ ચર્ચા કરશે. બંને નેતાઓ બ્રિક્સ, શંઘાઈ સહકાર સંગઠન, જી20, પૂર્વીય એશિયા શિખર સંમેલન અને સંયુક્ત રાષ્ટ્ર જેવા જૂથોમાં દ્વીપક્ષીય સંબંધોની સમીક્ષા કરશે. તેઓ ક્રેમલિનમાં સૈનિક સ્મારક પર પુષ્પાંજલિ અર્પણ કરશે, ઉપરાંત મૉસ્કોમાં રોસાટૉમ પવેલિયનની મુલાકાત લેશે. જે બાદ પ્રતિનિધિ મંડળની બેઠક થશે.

શ્રી મોદી ગઈકાલે રશિયા અને ઑસ્ટ્રિયાના ત્રણ દિવસીય પ્રવાસના ભાગ રૂપે મૉસ્કો પહોંચ્યા હતા. આ પ્રસંગે રશિયાના ઉપ પ્રધાનમંત્રી, ડેનિસ મંટુરોવે તેમનું ઔપચારિક સ્વાગત કર્યું હતું. રાષ્ટ્રપતિ પુતિને પ્રધાનમંત્રી મોદી માટે રાત્રી ભોજનું આયોજન કર્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PREZ - TERRORIST ATTACK

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જમ્મૂ કાશ્મીરના કઠુઆમાં સૈન્ય કાફલા પર થયેલા હુમલાને વખોડી કાઢ્યો છે. શ્રી મુર્મુએ સોશિયલ મીડિયા પોસ્ટમાં આતંકવાદીઓના આ કૃત્યને

કાયરતાપૂર્ણ ગણાવતા, તેઓ હુમલાના સજ્જડ જવાબના હકદાર હોવાનું જણાવ્યું. રાષ્ટ્રપતિએ શહીદ થયેલા જવાનોના પરિવાજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે.

ઉલ્લેખનીય છે કે જમ્મૂ કાશ્મીરના કઠુઆમાં ગઈકાલે સૈન્ય કાફલા પર થયેલા હુમલામાં પાંચ જવાનો શહીદ થયા છે. જ્યારે અન્ય પાંચ જવાનો ગંભીર રીતે ઘવાયા છે. કઠુઆના બદનોટા ગામમાં પેટ્રોલિંગ કરી રહેલા સૈન્ય વાહન પર આતંકવાદીઓએ ગ્રેનેડ ફેંક્યો અને બાદમાં ગોળીબાર કર્યો હતો..

રક્ષા મંત્રી રાજનાથ સિંહે જમ્મુ-કાશ્મીરના કઠુઆમાં થયેલા આતંકી હુમલામાં ભારતીય સેનાના પાંચ જવાનોના મોત પર શોક વ્યક્ત કર્યો છે અને હુમલામાં ઘાયલ થયેલા લોકોના ઝડપથી સ્વસ્થ થવાની પ્રાર્થના પણ કરી હતી.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી સિંહે કહ્યું, રાષ્ટ્ર આ મુશ્કેલ સમયમાં આર્મી જવાનોના પરિવાર સાથે અડગ છે. વધુમાં તેમણે જણાવ્યું કે હાલ કાઉન્ટર ટેરરિસ્ટ ઓપરેશન ચાલી રહ્યું છે અને ભારતીય જવાનો આ ક્ષેત્રમાં શાંતિ અને વ્યવસ્થા સ્થાપવા માટે પ્રતિબદ્ધ છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# J&K SECURITY

ગઈકાલે થયેલા આતંકવાદી હુમલા બાદ જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય ધોરીમાર્ગ (NH44) પર સુરક્ષા વ્યવસ્થા કડક કરવામાં આવી છે.

આકાશવાણી જમ્મુના સંવાદદાતા જણાવે છે કે આતંકવાદી હુમલા બાદ, સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યોરિટી ફોર્સ (CISF), સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (CRPF), અને જમ્મુ અને કાશ્મીર પોલીસના જવાનોને ઉધમપુરમાં જમ્મુ-શ્રીનગર નેશનલ હાઈવે (NH44) પર તૈનાત કરવામાં આવ્યા છે. અમરનાથ યાત્રાના યાત્રીઓની 11મી બેચ આજે સવારે ઉધમપુર માંથી

પસાર થઈ ત્યારે એમની સુરક્ષાને ધ્યાને રાખી સુરક્ષા દળો દ્વારા બહુસ્તરીય સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## J&K - LOC POONCH

દરમિયાન પૂંછ જિલ્લામાં નિયંત્રણ રેખા નજીકના ક્રિશ્નાઘાટી વિસ્તારમાં સેનાના જવાનોએ એક પાકિસ્તાની ડ્રોનને હવામાં ગોળીબાર કરી તોડી પાડવાનો પ્રયાસ કર્યો, આમ છતાં ડ્રોન પાકિસ્તાની સીમામાં પરત ફરવામાં સફળ રહ્યું.

આકાશવાણી જમ્મૂના અમારા સંવાદદાતા જણાવે છે કે નિયંત્રણ રેખા નજીક તૈનાત ભારતીય દળોએ ગઈકાલે રાતે સવા નવ વાગ્યાની આસપાસ, એક હજાર મીટરની ઉંચાઈએ ડ્રોન હોવાનું નોંધ્યું હતું, જે બાદ જવાનોએ પાંચ રાઉન્ડ ગોળીબાર કર્યો હતો. થોડા સમય બાદ ડ્રોન ફરી ભારતીય સરહદમાં જોવા મળતા જવાનોએ વધુ બે રાઉન્ડ ગોળીબાર કર્યો હતો. ભારતીય સેના સરહદીય વિસ્તારોમાં ડ્રોન દ્વારા હથિયારો અથવા નસીલા પદાર્થોની હેરફેરની આશંકાને જોતા તપાસ અભિયાન ચલાવી રહી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## MORN.NADDA-KERALA VISIT

ભારતીય જનતા પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ અને કેન્દ્રીય મંત્રી જે. પી. નડ્ડા આજે કેરળની મુલાકાતે છે. તેઓ તિરવનંતપુરમમાં ભાજપની કારોબારી બેઠકમાં ઉપસ્થિત રહેશે. લોકસભા ચૂંટણીના પરિણામો બાદ આ તેમની પ્રથમ કેરળ મુલાકાત છે.

કેરળમાં ભાજપનું પ્રદર્શન સારું ન હતું, જોકે ભાજપને મળનારા મતોની ટકાવારી જરૂરીથી વધી છે. ભાજપના સાંસદ સુરેશ ગોપી ત્રિસુર બેઠક પરથી 72 હજારથી વધુ મતોથી

વિજયી થયા હતા. કેરળમાં આ ભાજપની પ્રથમ બેઠક છે. આગામી દિવસોમા યોજનારી સ્થાનિક સ્વરાજ અને વિધાનસભાની ચૂંટણીને જોતા જે. પી નડ્ડાની આ મુલાકાત મહત્વની છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

. . . . . . . . . . . . . . .

# MAHARASHTRA RAIN

હવામાન વિભાગે મુબંઈ સહિત મહારાષ્ટ્રના કેટલાક ભાગોમાં ભારે વરસાદની આગાહી કરી છે. ગઈકાલે વરસાદને પગલે મુંબઇના અનેક વિસ્તારો પુરગ્રસ્ત થતાં મુંબઈમાં હવાઇ, ટ્રેન અને વાહનવ્યવહારને અસર થવા પામી. આ તરફ રાયગડ, રત્નાગિરી, સિંધુદુર્ગ, પુણે, સતારા, કોલ્હાપુર અને બુલ્દાના જિલ્લામા ભારે વરસાદને પગલે પૂર જેવી સ્થિતિ છે.

વરસાદને પગલે મહારાષ્ટ્ર વિધાનસભાના બંને ગૃહોની કાર્યવાહી પણ સ્થગિત રખાઈ હતી. મુખ્યમંત્રી એકનાથ શિંદેએ કહ્યું કે તમામ જિલ્લાઓમાં એજન્સીઓ અલર્ટ પર છે. હવામાન વિભાગે મુબંઈ, રાયગડ, રત્નાગિરી જિલ્લામાં ભારે વરસાદને જોતા રેડ અલર્ટ જાહેર કર્યું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# UP-FLOOD

ઉત્તર પ્રદેશમાં પૂરને કારણે છ જિલ્લાના 200થી વધુ ગામ પ્રભાવિત થયા છે. પૂરને પગલે નેપાળની નદીઓ બેકાબૂ બની છે, જેની અસર ઉત્તર પ્રદેશના નીચાણવાળા વિસ્તારોમાં અસર થઈ છે.

રાજ્ય અને રાષ્ટ્રીય આફત નિવારણની ટુકડીઓ રાહત અને બચાવ કામગીરીમાં લાગેલી છે. પિલિભિત જિલ્લામાં બચાવ કામગીરીમાં વાયુ સેનાની ટુકડીઓ જોડાઈ હતી. પિલિભિત, લખીમપુરી, કુશિનગર, બલરામપુર, શ્રવસ્તી અને ગોન્ડા જિલ્લાઓમાં કાંઠા વિસ્તારોમાં પાણી ભરાયા છે. એકલા શ્રવસ્તીમાં 44 હજાર લોકોને જ્યારે લખિમપુરમાં 30 હજાર લોકો અસરગ્રસ્ત છે. હવામાન વિભાગે પૂર્વીય ઉત્તર પ્રદેશના કેટલાક ભાગોમાં આગામી 24 કલાકમાં ભારે વરસાદની આગાહી કરી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# IMD- WEATHER

હવામાન વિભાગે આગામી ચાર દિવસ દરમિયાન મધ્ય, ઉત્તર પશ્ચિમ અને પૂર્વોત્તર ભારતમાં ભારે વરસાદની આગાહી કરી છે. આ ઉપરાંત પશ્ચિમ બંગાળના પર્વતીય વિસ્તારો, સિક્કિમ, બિહાર, અરૂણાચલ પ્રદેશ, આસામ અને મેઘાલયમાં પણ ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરી છે.

દરમિયાન પશ્ચિમ બંગાળના કાંઠા વિસ્તાર, ઝારખંડ ઓડિસામાં આગામી પાંચ દિવસમાં હળવાથી મધ્ય વરસાદની શક્યતા છે. ઉત્તર પશ્ચિમ અને મધ્ય ભારતમાં ભારે વરસાદની આશંકા છે. દરમિયાન ગુજરાત, ગોવા, કોંકણ, મધ્ય મહારાષ્ટ્ર તેમજ કર્ણાટકના તટિય વિસ્તારોમાં મધ્યથી ભારે વરસાદ વરસી શકે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# ASSAM-FLOOD

દરમિયાન આસામમાં પૂરને પગલે મૃત્યુઆંક 72 થયો છે. 27 જિલ્લાના 22 લાખ લોકો પૂરને પગલે પ્રભાવિત થયા છે. અંદાજે એકત્રીસ્સો જેટલા ગામની 49 હજાર હેક્ટર જમીનનો પાક ધોવાઈ ગયો છે.

રાષ્ટ્રીય અને રાજ્ય આફત નિવારણની ટુકડીઓએ ગઈકાલે વધુ 218 લોકોને બચાવ્યા છે. રાજ્ય સરકારે અસરગ્રસ્ત જિલ્લાઓમાં 245 રાહત શબિર, ઉપરાંત 298 જેટલા ભોજન વિતરણ કેન્દ્રો બનાવ્યા છે. 53 હજારથી વધુ લોકોએ આ રાહત શિબિરોમાં શરણ લીધી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MORN.-IND-SA-WOMEN-CRICKET.RTF

ભારતીય મહિલા ક્રિકેટ ટીમ આજે ચેન્નાઈના એમ.એ. ચિદમ્બરમ સ્ટેડિયમમાં શ્રેણીની ત્રીજી અને અંતિમ T-20 મેચમાં દક્ષિણ આફ્રિકા સામે ટકરાશે. મેચ સાંજે 7 વાગ્યે શરૂ થશે. દક્ષિણ આફ્રિકા પ્રથમ મેચ 12 રને જીત્યા બાદ શ્રેણીમાં 1-0થી આગળ છે. જ્યારે બીજી મેચ વરસાદને કારણે રદ્દ કરવામાં આવી હતી. હરમનપ્રીત કૌરના નેતૃત્વમાં ભારતીય ટીમ આ મેચ જીતીને શ્રેણીમાં બરાબરી કરવાનો પ્રયાસ કરશે..

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# AMARNATH YATRA- SRINAGAR

જમ્મૂ કાશ્મીરમાં ગત માસથી શરૂ થયેલી અમરનાથ યાત્રા શાંતિ પૂર્ણ રીતે ચાલી રહી છે. રક્ષાબંધનના રોજ શ્રાવણ પુર્ણિમા પ્રસંગે અમારનાથ યાત્રાની પૂર્ણાહૂતિ થશે.

ગઈકાલે વધુ 24 હજાર, 879 શ્રદ્ધાળુઓ બેઝ કેમ્પથી પત્રિવ ગુફાના દર્શન માટે રવાના થયા હતા. આ સાથે જ 52 દિવસ ચાલનારી અમરનાથ યાત્રા કરનારા શ્રદ્ધાળુઓનો આંકડો બે લાખ, સાત હજારને પાર થયો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## GAGAN-NARANG-PARIS-OLYMPICS.RTF

ભારતીય ઓલિમ્પિક એસોસિએશનેએ ચાર વખતના ઓલિમ્પિયન અને 2012 ઓલિમ્પિક ગેમ્સમાં પુરુષોની 10 મીટર એર રાઈફલમાં કાંસ્ય ચંદ્રક વિજેતા ગગન નારંગને 26 જુલાઈથી શરૂ થનારી 2024 પેરિસ ઓલિમ્પિક ગેમ્સમાં ભારતીય દળના શેફ-ડી-મિશન તરીકે નિયુક્ત કર્યા છે.

ભારતીય ઓલિમ્પિક એસોસિએશનના પ્રમુખ ડૉ.પી.ટી. ઉષાએ આજે કહ્યું હતું કે મેરી કોમના રાજીનામા પછી ગગન નારંગને ડેપ્યુટી શેફ-ડી-મિશન તરીકે નિયુક્ત કર્યા છે. ડો.ઉષાએ કહ્યું કે બે ઓલિમ્પિક ચંદ્રકજી તનારી ભારતની એકમાત્ર મહિલા પી.વી. સિંધુ ઉદ્ઘાટન સમારોહમાં ટેબલ ટેનિસ ખેલાડી એ.શરથ કમલ સાથે મહિલા ધ્વજ ધારક હશે. .